| | | |
|---|---|---|
| GJKH040008342024 | सत्यमेव जयते | કેસ દાખલ થયા તા.૨૯.૦૮.૨૦૨૪<br>કેસ રજી.થયા તા.૨૯.૦૮.૨૦૨૪<br>કેસ ફેંસલ તા.૧૬.૦૩.૨૦૨૬<br>સમયગાળો : વર્ષ, માસ, દિવસ<br>૦૧–૦૬–૧૭ |

## –: નમુનો–અ :–

| માતરના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ,<br>મુ.માતર.<br>ચુકાદાની તારીખ: ૧૬–૦૩–૨૦૨૬<br>ફોજદારી કેસ નં.૪૮૨–૨૦૨૪<br>આંક– | |
|---|---|
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા મો.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુના રજી.નં.૧૧૨૦૪૦૪૦૨૪૦૧૩૪/૨૪ |
| પોલીસ સ્ટેશન | માતર, તા.માતર, જી.ખેડા |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એન.એન.શેઠ |
| આરોપી પક્ષ | આફતાફઆલમ સ/ઓ. મીનાજ અકરુદીન સીદીકી,<br>રહે.જરારી બીચગલી, તા.ફતેગંજ, જી.ફરુખાબાદ,થાના–જહાનગંજ,ઉ.પ્ર.<br>હાલ રહે.જી–૬, કર્ણાવતી બીઝનેશ સેન્ટર નજીક, કેનાલની બાજુ, અસલાલી, તા.દસક્રોઇ, જી.અમદાવાદ.<br>મો.૮૧૧૫૬૩૪૬૩૮ |
| રજુઆત | વિ.વ.શ્રી એમ.એ.પઠાણ |

## –: નમુનો–બ :–

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૨–૦૫–૨૦૨૪ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૨૨–૦૫–૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૨૯–૦૮–૨૦૨૪ |
| પ્લી/તહોમતની તારીખ | ૨૧–૧૧–૨૦૨૪ |

**જ્યુડી.મેજી.ફ.ક.માતર** **(નરેન્દ્રકુમાર)**
**કોડ:જીજે.૦૧૪૪૦**

| | |
|---|---|
| પુરાવો શરુ થયાની તારીખ | ૧૬–૦૫–૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | – |
| ચુકાદાની તારીખ | ૧૬–૦૩–૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | લાગુ પડતુ નથી. |

**:: આરોપીની વિગત ::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શુ નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો **CRPC**–428 મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | આફતાફઆલમ સ/ઓ. મીનાજ અકરુદીન સીદીકી | ૨૪–૦૫–૨૦૨૪ | ૨૪–૦૫–૨૦૨૪ | ભારતીય દંડ સંહિતા ની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા મો.વી. એકટ ની કલમ–૧૭૭, ૧૮૪ | વિશ્વસનીય પુરાવાના અભાવે છોડી મુકયા | – | – |

**:: નમુનો –ક ::**

**ફરીયાદી/બચાવ/ન્યાયાલયનાં સાક્ષીની યાદી તથા દસ્તાવેજી પુરાવા**

**અ. ફરીયાદપક્ષ**

| અ.નં. | આંક | વિગત | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૦ | સાહેદ કેવલકુમાર ઉમેશભાઇ | સાહેદ |
| ૨ | ૧૧ | સાહેદ જીતેનકુમાર વિજયભાઇ | સાહેદ |
| ૩ | ૧૬ | ફરીયાદી ભાઇલાલભાઇ જીવાભાઇ | ફરીયાદી |
| ૪ | ૧૭ | ફરીયાદ | – |
| ૫ | ૧૮ | સાહેદ મનીષાબેન વિનોદભાઇ | સાહેદ |
| ૬ | ૨૨ | સાહેદ મીત જૈમીનભાઇ વ્યાસ | સાહેદ |
| ૦૭ | ૨૪ | સાહેદ મોહમદતૈયબ મોહમદ ઇલ્યાસ | સાહેદ |
| ૦૮ | ૨૬ | ત.ક.અ.કૃણાલ દીલીપકુમાર | ત.ક.અ. |
| ૦૯ | ૩૦ | સાહેદ અંજલીબેન વિનોદભાઇ | સાહેદ |
| ૧૦ | પી.૧ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | – |
| ૧૧ | પી.૨ | ઇન્કવેસ્ટ પંચનામુ | – |
| ૧૨ | પી.૩ | પી.એમ.નોટ અસલ | – |
| ૧૩ | પી.૪ | સ્થળ પરીક્ષણ અહેવાલ | – |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | પી.૫ | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ | – |
| ૧૫ | પી.૬ | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ | – |

## :: જ જ મે ન્ટ ::

**(૧) કેસની ટુંકી હકીકત :–**

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત જોઇએ તો, આ કામના આરોપીએ તા.૨૨–૦૫–૨૦૨૪ ના રોજ કલાક ૦૬–૦૦ ના સુમારે મોજે નેશનલ હાઇવે નં.૪૮ સંધાણા ગામની સીમ છઠા માઇલ બ્રીજ ઉપર અમદાવાદ તરફ જવાના રોડ ઉપર પોતાના કબજા હેઠળનુ આઇસર નંબર જીજે.૧૯.એકસ.૯૪૬૨ નુ બેફીકરાઇ અને ગફલત ભરી રીતે પુરઝડપે હંકારી ફરીયાદીના મરણ જનાર સાહેદ વિનોદભાઇ જીવાભાઇ પંચાલ ઉ.વ.૪૪ નાઓની બાઇક નં.જીજે.૨૭.એબી.૦૮૮૩ ને અડફેટમાં લઇ સાહેદ વિનોદભાઇને શર્રીરે ગંભીર ઇજાઓ પહોચાડી સ્થળ ઉપર મોત નીપજાવી ગુનો કરતા આ કામનાં ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી તપાસના અંગે હાલનાં આરોપી વિરુધ્ધ ચાર્ઝસીટ રજુ કરેલ છે.

**(૨) ન્યાયીક કાર્યવાહી :–**

આ કામના આરોપી સામે ચાર્ઝસીટ રજુ થતાં આરોપી સામે ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઇ, આરોપીને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેના અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં હાજર થયેલ. ત્યાર બાદ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૦ મુજબ ચાર્ઝસીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૬૩ અન્વયે ગુના અંગેની સમજ કરી, આરોપીનો **આંક–૦૪** થી ગુના અંગેનો જવાબ નોધતા, તેમા આરોપીએ 'મને ગુનો કબુલ નથી' તેમ જણાવતા, સદર કામ આગળની ઇન્સાફી કાર્યવાહી સારુ રાખવામાં

આવેલ.

(૩) **બચાવપક્ષનો પુરાવો :–**

ત્યાર બાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વધુ કોઇ વિશેષ પુરાવો રજુ થયેલ નથી. આ કામે રજુ થયેલ ફરીયાદપક્ષના પુરાવા લક્ષમાં લેતા આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે.

(૪) **દલીલો ::**

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રીની મૌખીક દલીલો સાંભળી.

(૫) ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કાસના આખરી નિકાલ સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદાઓ ::**

*(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૨–૦૫–૨૦૨૪ ના રોજ કલાક ૦૬–૦૦ ના સુમારે મોજે નેશનલ હાઇવે નં.૪૮ સંધાણા ગામની સીમ છઠા માઇલ બ્રીજ ઉપર અમદાવાદ તરફ જવાના રોડ ઉપર પોતાના કબજા હેઠળનુ આયસર નંબર જીજે.૧૯.એકસ.૯૪૬૨ નુ બેફીકરાઇ અને ગફલત ભરી રીતે પુરઝડપે હંકારી ફરીયાદીના મરણ જનાર સાહેદ વિનોદભાઇ જીવાભાઇ પંચાલ ઉ.વ.૪૪ નાઓની બાઇક નં.જીજે.૨૭.એબી.૦૮૮૩ ને અડફેટમા લઇ સાહેદ વિનોદભાઇને શરીરે ગંભીર ઇજાઓ પહોચાડી સ્થળ ઉપર મોત નીપજાવી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા મો.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.?*

*(૨) શું હુકમ ?*

(૬) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ

**જયુડી.મેજી.ફ.ક.માતર**

**(નરેન્દ્રકુમાર)**
**કોડ:જીજે.૦૧૪૪૦**

## :: કારણો ::

(૭) ફરીયાદપક્ષે આંક–૧૦ થી સાહેદ કેવલકુમાર ઉમેશભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે એકાદ વર્ષ આસપાસ સવારના સમયે બનેલો. બનાવ સમયે સવારમાં તેઓ ઘરે હતા તે વખતે તેમની કંપની જે.કે.માલ્ટ માંથી તેમના મેનેજરનો ફોન આવેલ કે વિનોદભાઇ નોકરી પુરી કરી ઘરે જતા હતા અને રસ્તામાં તેમનો અકસ્માત થયેલ છે અને તેઓ સ્થળ ઉપર અવસાન પામેલ છે તેવી હકીકત જણાવતા તેઓએ વિનોદભાઇનાં ફોનમાં કરેલો તો કોઇ ભાઇએ ફોન ઉપાડેલ અને તેઓએ જણાવેલ કે છઠા માઇલ પલાણા બ્રીજ પાસે તેમનો અકસ્માત થયેલ છે અને અવસાન પામેલ છે. જેથી તેઓએ જીતેનભાઇને ફોન કરી જાણ કરેલ અને તેઓ બંને જણા સ્થળ પર આવેલા અને જોયેલ તો વિનોદભાઇનુ મો.સા.પડેલ હતુ અને વિનોદભાઇને માતર દવાખાને લાવેલા હતા જેથી તેઓ દવાખાને આવેલા અને વિનોદભાઇને જોયેલ તો તેમના શરીર ઉપર માંસના લોચા નીકળી ગયેલ હતા અને તેમના સગા વહાલા આવી ગયેલા હતા અને તેમના સગા વહાલા મારફત જાણવા મળેલ તો વિનોદભાઇ મો.સા. લઇ નડીઆદ થી અમદાવાદ આવતા હતા અને કોઇ આઇસર ગાડીવાળાએ અકસ્માત કરેલાનું જાણવા મળેલ. તેઓને આઇસર ગાડીનો નંબર જાણવા મળેલ નહી. બનાવ બાબતે નીવેદન લીધેલ. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન કરતા ના હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા બાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ નજરે જોયેલ

નહી.

(૭.૧) આંક–૧૧ થી સાહેદ જીતેનકુમાર વીજયભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે એકાદ વર્ષ આસપાસ સવારના સમયે બનેલો. બનાવ સમયે તેઓ નોકરી ઉપર હતા તે વખતે કંપની જે.કે.માલ્ટના મેનેજર સાહેબ ઉપર પો.સ્ટે.થી ફોન આવેલ કે વિનોદભાઇને અકસ્માત થયેલ છે અને ત્યાર બાદ કેવલભાઇએ તેઓને ફોન કરી જણાવેલ કે વિનોદભાઇને છઠા માઇલ પલાણા બ્રીજ પાસે તેમનો અકસ્માત થયેલ છે અને અવસાન પામેલ છે. તેઓ બંને જણા સ્થળ ઉપર આવેલા અને સ્થળ ઉપર જોયેલ તો વિનોદભાઇનુ મો.સા. પડેલ હતુ અને વિનોદભાઇને માતર દવાખાને લાવેલા હતા જેથી તેઓ દવાખાને આવેલા અને વિનોદભાઇને જોયેલ તો તેમના શરીર ઉપર માંસનાં લોચા નીકળી ગયેલ હતા અને તેમના સગા વહાલા આવી ગયેલા હતા અને તેમના મારફતે જાણવા મળેલ તો વિનોદભાઇ મો.સા. લઇ નડીઆદ થી અમદાવાદ આવતા હતા અને કોઇ આઇસર ગાડીવાળાએ અકસ્માત કરેલાનુ જાણવા મળેલ. તેઓને આઇસર ગાડીનો નંબર જાણવા મળેલ નહી. બનાવ બાબતે પોલીસે નીવેદન લીધેલ. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન કરતા ના હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા બાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ નજરે જોયેલ નહી.

(૭.૨) આંક–૧૬ થી ફરીયાદી ભાઇલાલભાઇ જીવાભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૨૨/૫/૨૪ ના રોજ સવારના ૬:૪૫ કલાકે તેમના મોટા દીકરા પ્રકાશનો ફોન આવેલ તે સમયે તેઓ તેમની નોકરી ઉપર હતા. તેમના દીકરાએ જણાવેલ કે

વિનોદકાકાના ફોન ઉપરથી કોઇને ફોન આવેલ કે આ ભાઇ તમારા શુ સગા થાય છે, તેઓને છઠા માઇલ બ્રીજ પાસે અકસ્માત થયેલ છે અને અવસાન પામેલ છે. ત્યાર બાદ તેઓએ તેમના ફોન પરથી વિનોદભાઇના ફોન ઉપર ફોન કરેલ તો આ ફોન પોલીસ સ્ટેશનમાં હતો અને પોલીસવાળાએ જણાવેલ કે તમારા ભાઇ અવસાન પામેલ છે અને તેમની ડેથ બોડી હોસ્પીટલમાં છે અને તમે અહીયા આવી જાઓ અને તેઓ ફેકટરીમાંથી રજા લઇને માતર સરકારી દવાખાને આવેલો અને જોયેલ તો તેમના ભાઇને છાતીના ભાગ ફાટી ગયેલ હતો અને અવસાન પામેલ હતો. તેઓ પો.સ્ટે. ગયેલા. આ અકસ્માતથી આઇસરથી થયેલાનુ જાણવા મળેલ. તેઓ પો.સ્ટે.થી આઇસર ગાડીનો નંબર જાણવા મળેલ તો જીજે.૧૯ એકસ. ૯૪૬૨ નો હતો. તેઓએ ફરીયાદ આપેલી. જેમાં પોતાની સહી ઓળખી બતાવતા હોય જેને આંક–૧૭ આપવામાં આવેલ છે. તેમના ભાઇ વિનોદભાઇ અમદાવાદ વટવા રહેતા અને તે નડીઆદ ફેકટરીમાં નોકરીર તા હતા અને તે નાઇટ શીફટ કરીને બાઇક લઇને નડીઆદથી અમદાવાદ જવા નીકળેલા હતા.આ અકસ્માત વિશે જાણવા મળેલ તો આઇસર નડીઆદ બાજુથી આવતી હતી અને પાછળથી ટકકર મારેલાનુ હકીકત જાણવા મળેલ.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, પાછળથી ટકકર મારેલ હોવાની હકીકત તેમની ફરીયાદમાં જણાવેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, પાછળથી ટકકર મારેલ હોવાની હકીકત તેઓને ફરીયાદ આપ્યા બાદ પાછળથી જાણવા મળેલી. કહેવાતો બનાવ નજરે જોયેલ નથી.

(૭.૩) આંક–૧૮ થી સાહેદ મનીષાબેન વિનોદભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ એક વર્ષ અગાઉ સવારના છ વાગ્યાની આસપાસ બનેલો. બનાવ છઠા માઇલ પાસે બનેલો.

તેમના પતિ નડીઆદ કંપનીમાં નોકરી કરતા હતા અને તે બાઇક લઇને અપડાઉન કરતા હતા. બનાવ સમયે તેમના પતિને નોકરી રાતપાળીની હતી અને તેઓ સવારમાં બાઇક લઇને નોકરી ઉપરથી ઘરે આવતા હતા. બનાવ સમયે તેઓ ઘરે હતા, કંપનીમાંથી તેમના મોબાઇલ ઉપર કોઇનો ફોન આવેલ અને જણાવેલ કે તમારા પતિને અકસ્માત થયેલ છે. જેથી તેઓ માતર દવાખાને આવેલી અને જોયેલ તો તેમના પતિ અવસાન પામેલ હતા. આ અકસ્માત આઇસર કે ટ્રક જોડે થયેલાની હકીકત જાણવા મળેલ. આ આઇસર વાળાએ તેમના પતિના બાઇકને પાછળથી ટકકર મારેલી. તેમના પતિની લાશ પી.એમ. કરી સોપેલી. તેઓને આઇસરનો નંબર જાણવા મળેલ નહી. બનાવ બાબતે પોલીસે જવાબ લીધેલો. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન કરતા ના હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા બાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, અકસ્માત કરનાર આઇસર ગાડીનો નંબર જાણવા મળેલ તો જીજે ૧૯ એકસ ૯૪૬૨ નો હતો.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ નજરે જોયેલ નહી.

(૭.૪) આંક–૨૨ થી સાહેદ મીત જૈમીનભાઇ વ્યાસ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ એક દોઢ વર્ષ અગાઉ બનેલો. બનાવ સમયે તેમના ઉપર મહંમદ તૈયબનો ફોન આવેલો અને જણાવેલ કે, મારી આઇશરને નેશનલ હાઇવે નં.૪૮ છઠા માઇલ પાસે અકસ્માત થયેલ છે અને આપણે ત્યાં જવાનુ છે જેથી તેઓ ત્યાં ગયેલા. ત્યાં આગળ આઇસર ગાડી પડેલી હતી અને ગાડીના ડ્રાઇવર તેમને મળેલા અને તેને લઇને તેઓ પો.સ્ટે.ને આવેલા અને ડ્રાઇવરના જામીન કરાવેલા. આ અકસ્માત બાઇક સાથે થયેલો. આ

અકસ્માત વિશે તેઓને જાણવા મળેલ તો બાઇકવાળા ભાઇ બાઇક લઇને આવતા હતા અને પાછળથી કોઇ ગાડી આવતા બાઇકવાળા ભાઇએ તેનુ બાઇક સાઇડમાં લેવા જતા રોડ ઉપર ખાડો હોય અને બાઇક ખાડામાં આવતા બાઇકવાળાનુ બેલેન્સ રહેલ નહી અતે તે આઇસરમાં આવીને અથડાઇ ગયેલ તેવી હકીકત જાણવા મળેલી. પોલીસે નીવેદન લીધેલ.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ નજરે જોયેલ નહી.

(૭.૫) આંક–૨૪ થી સાહેદ મોહમદતૈયબ મોહમદ ઇસ્યાલ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ એક દોઢ વર્ષ અગાઉ બનેલો. બનાવ સમયે તેમની આઇસર ગાડી લઇને તેમનો ડ્રાઇવર સેલ્વાસ ગયેલો અને ત્યાંથી પરત આવતા સવારના છ વાગે તેઓ ઘરે હતા તે વખતે ફોન આવેલ અને જણાવેલ કે, આપણી આઇસરને નેશનલ હાઇવે નં.૪૮ છઠા માઇલ પાસે અકસ્માત થયેલ છે. જેથી તેઓ અને મીતભાઇ સ્થળ પર ઉપર ગયેલા અને તેમના ડ્રાઇવરે જણાવેલ કે, એક બાઇકવાળા ભાઇ બાઇક લઇને આવતા હતા અને પાછળથી કોઇ ગાડી આવતા બાઇકવાળા ભાઇએ તેનુ બાઇક સાઇડમાં લેવા જતાં રોડ ઉપર ખાડો હોય અને બાઇક ખાડામાં આવતા બાઇક વાળાનુ બેલેન્સ રહેલ નહી અને તે આઇસરમાં આવીને અથડાઇ ગયેલ તેવી હકીકત જાણવા મળેલી. પો.સ્ટે. જઇને તેમના ડ્રાઇવરના જામીન કરાવેલા. બનાવ બાબતે પોલીસે જવાબ લીધેલો.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ નજરે જોયેલ નહી.

(૭.૬) આંક–૨૬ થી ત.ક.અ. કૃણાલ દીલીપકુમાર તેમની સોગંદ પરની

જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૪ મા માતર પો.સ્ટે.મા પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા તે વખતે માતર ગુના રજી.નં.ફ.૧૩૪/૨૪ ઇપીકો કલમ-૨૭૯ત ૩૦૪(અ) તથા એમ.વી.એકટના ગુનાની સતપાસ સંભાળી લઇ આંક-પી.૧ થી પંચનામુ કરી વિનોદભાઇનુ ઇન્કવેસ્ટ પંચનામુ કરેલ જે આંક-પી.ર થી રજુ છે. ત્યાર બાદ આરોપીની અટક કરી વાહનનું યાંત્રીક ચકાસણી એફ.એસ.એલ. કરાવેલ, અને પી.એમ. નોટ મેળવી તપાસના કામે સામેલ રાખી આરોપી વિરુધ્ધ ચાર્જસીટ કરેલ.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવવાળી જગ્યાનો નકશો બનાવેલ નથી.

(૭.૭) આંક-૩૦ થી સાહેદ અંજલીબેન વિનોદભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી દોઢ પોણા બે વર્ષ અગાઉ સવારના છ સાડા છ આસપાસ છઠ્ઠા માઇલ પાસે બનેલો. તેમના પિતા નડીયાદ જી.આઇ.ડી.સી.માં જે.કે. માલ્ટ કંપનીમાં સુપરવાઇઝર નોકરી કરતા હતા અને તેમની તે દીવસે નાઇટપાળિ હતી. તેમના પિતા નોકરી પતાવી બાઇક લઇને કંપનીમાંથી ઘર તરફ આવતા હતા તે દીવસે તેઓ બધા ઘરે હતા અને સવારના સમયે તેમના માતા ઉપર કંપનીમાંથી ફોન આવેલ કે વિનોદભાઇને અકસ્માત થયેલ છે, જેથી તેઓ, તેમના માતા તથા સોસાયટીના માણસો પહેલા માતર પો.સ્ટે આવેલા અને ત્યાથી સરકારી દવાખાને ગયેલા. ત્યા આગળ જાણવા મળેલ કે તમારા પિતાને મોઢા ઉપર ઇજા થયેલી છે તેથી બોલાતુ નથી તેવુ જણાવેલ અને ત્યારબાદ તેમના કાકા હોસ્પીટલ આવેલા અને તેમના કાકાએ જણાવેલુ કે વધારે ઇજા થયેલ છે તેથી ગોધરા સીવીલ લઇ જવાના છે અને તેમના પિતા અવસાન પામેલા. આ અકસ્માત વિશે જાણવા મળેલ તો તેમના પિતા બાઇક લઇને આવતા હતા અને પાછળથી આઇસર

વાળાએ ટકકર મારતા અકસ્માત થયેલાની હકીકત જાણવા મળેલ. તેઓને આઇસરનો નંબર જાણવા મળેલ નહી કે તેના ચાલક વિશે પણ જાણવા મળેલ નહી. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલ. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન કરતા ના હોય જેથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા બાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ નજરે જોયેલ નહી.

**પુરાવાનુ મુલ્યાંકન ::**

(૮) હવે આક્ષેપિત ગુનો સાબીત કરવા માટેનાં જે આવશ્યક તત્વો છે તે જોવામાં આવે તો આંક-૧૦ થી સાહેદ કેવલકુમાર ઉમેશભાઇનો પુરાવો વંચાણે લેતાં તેઓએ બનાવની હકીકત જણાવી વિનોદભાઇને ઇજા થતા મરણ ગયેલાની હકીકત જણાવેલ છે પરંતુ તેઓએ આઇસર ગાડીનો નંબર જણાવેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે. જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ બનાવ નજરે જોયેલ નથી તેવુ જણાવતા હોય સદર સાહેદની હાજરી બનાવ સ્થળે પુરવાર થતી ના હોય સદર સાહેદના પુરાવાને માનવાને કોઇ કારણ નથી.

વધુમાં આંક-૧૧ થી સાહેદ જીતેનકુમાર વિજયભાઇ નો પુરાવો વંચાણે લેતાં તેઓએ બનાવની હકીકત જણાવી વિનોદભાઇને ઇજા થતા મરણ ગયેલાની હકીકત જણાવેલ છે પરંતુ તેઓએ આઇસર ગાડીનો નંબર જણાવેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે. જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ બનાવ નજરે જોયેલ નથી તેવુ જણાવતા હોય સદર સાહેદની હાજરી બનાવ સ્થળે પુરવાર થતી ના હોય સદર સાહેદના પુરાવાને

માનવાને કોઇ કારણ નથી.

આંક–૧૬ થી ફરીયાદી ભાઇલાલભાઇ જીવાભાઇનો પુરાવો વંચાણે લેતાં તેઓએ બનાવની હકીકત જણાવી વિનોદભાઇને ઈજા થતા મરણ ગયેલાની હકીકત જણાવેલ છે અને તેઓએ પોલીસ સ્ટેશનથી આઇસરનો નંબર જાણવા મળેલ તેવી હકીકત જણાવેલ છે. જે બાબતે તેઓએ આંક–૧૭ વાળી ફરીયાદ આપેલી. જયારે ફરીયાદીની ઉલટતપાસ વંચાણે લેતાં પાછળથી ટકકર મારેલ હોવાની હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. જે હકીકત તેઓને ફરીયાદ આપ્યા બાદ જાણવા મળેલી. કહેવાતો બનાવ નજરે જોયેલ નથી. આમ સદર ફરીયાદી બનાવ સમયે પાદરા તેમની નોકરી ઉપર હાજર હતા અને બનાવની જાણ ફોન ધ્વારા થયેલી અને ગાડીનો નંબર તેઓને પોલીસ સ્ટેશન આવ્યા બાદ જાણવા મળેલ હોવાનુ પુરાવા પરથી જણાય આવે છે. આમ સદર ફરીયાદી સાંભળેલો પુરાવો આપતા હોવાનુ માનવાને કારણ રહેલ છે.

આંક–૧૮ થી સાહેદ મનીષાબેન વિનોદભાઇ નો પુરાવો વંચાણે લેતાં તેઓએ બનાવની હકીકત જણાવી વિનોદભાઇને ઈજા થતા મરણ ગયેલાની હકીકત જણાવેલ છે પરંતુ તેઓએ આઇસર ગાડીનો નંબર જણાવેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે. ત્યાર બાદ ફરીયાદપક્ષની ઉલટ તપાસમાં આઇસર ગાડીનો નંબર જણાવેલ છે. જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ બનાવ નજરે જોયેલ નથી તેવુ જણાવતા હોય સદર સાહેદની હાજરી બનાવ સ્થળે પુરવાર થતી ના હોય સદર સાહેદના પુરાવાને માનવાને કોઇ કારણ નથી.

આંક–૨૨ થી સાહેદ મીત જૈમીનભાઇ વ્યાસ તેમના પુરાવામાં બનાવની હકીકત ફોનથી જાણવા મળેલ. તેઓ બનાવ સ્થળે પહોચેલા અને અકસ્માત વિશે જાણવા મળેલ તો બાઇકવાળા ભાઇને પાછળથી કોઇ ગાડી આવતા બાઇકવાળા ભાઇએ તેઓનુ

બાઇક સાઇડમાં લેવા જતાં રોડ ઉપર ખાડો હોય અને બાઇક ખાડામાં આવતા બાઇકવાળાનુ બેલેન્સ રહેલ નહી અને તે આઇસરમાં આવીને અથડાઇ ગયેલ તેવી હકીકત જણાવેલ છે. જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ બનાવ નજરે જોયેલ નથી તેવુ જણાવતા હોય તેમજ સદર સાહેદ ખાડો આવતા જેથી બાઇકવાળાનુ બેલેન્સ નહી રહેતા અકસ્માત થયેલાની હકીકત જણાવેલ છે. આમ સદર સાહેદના પુરાવામા ફરીયાદીના પુરાવાથી તદન વિપરીત હકીકત રેકર્ડ પર આવેલ છે અને સદર સાહેદે સાંભળેલો પુરાવો આપતા હોય સદર સાહેદની હાજરી બનાવ સ્થળે પુરવાર થતી ના હોય સદર સાહેદના પુરાવાને માનવાને કોઇ કારણ નથી.

આંક–૨૪ થી સાહેદ મોહમદતૈયબ મોહમદ ઇલ્યાસ નો પુરાવો વંચાણે લેતાં બનાવની હકીકત ફોનથી જાણવા મળેલ. તેઓ બનાવ સ્થળે પહોચેલા અને અકસ્માત વિશે જાણવા મળેલ તો બાઇકવાળા ભાઇને પાછળથી કોઇ ગાડી આવતા બાઇકવાળા ભાઇએ તેઓનુ બાઇક સાઇડમાં લેવા જતાં રોડ ઉપર ખાડો હોય અને બાઇક ખાડામાં આવતા બાઇકવાળાનુ બેલેન્સ રહેલ નહી અને તે આઇસરમાં આવીને અથડાઇ ગયેલ તેવી હકીકત જણાવેલ છે. જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ બનાવ નજરે જોયેલ નથી તેવુ જણાવતા હોય તેમજ સદર સાહેદ ખાડો આવતા જેથી બાઇકવાળાનુ બેલેન્સ નહી રહેતા અકસ્માત થયેલાની હકીકત જણાવેલ છે. આમ સદર સાહેદના પુરાવામા ફરીયાદીના પુરાવાથી તદન વિપરીત હકીકત રેકર્ડ પર આવેલ છે અને સદર સાહેદે સાંભળેલો પુરાવો આપતા હોય સદર સાહેદની હાજરી બનાવ સ્થળે પુરવાર થતી ના હોય સદર સાહેદના પુરાવાને માનવાને કોઇ કારણ નથી.

આંક–૨૬ થી ત.ક.અ. કૃણાલ દીલીપકુમાર તેમના પુરાવામાં

સદર ગુનાની તપાસ સંભાળી લઈ જરુરી પંચનામાઓ કરી લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોધી લઈ પી.એમ. નોટ તપાસના કામે સામેલ રાખી ચાર્જસીટ કરેલ છે અને પોતાની ફરજના ભાગ રુપે કરેલ કામગીરીનો અહેવાલ પુરો પાડેલ છે. સદર સાહેદના પુરાવા પર આધાર રાખવામાં આવે તો પણ ફરીયાદપક્ષ આક્ષેપીત ગુનાના આવશ્યક તત્વો પુરાવાર કરતા હોય તેમ જણાય આવતુ નથી.

આંક-૩૦ થી સાહેદ અંજલીબેન વિનોદભાઇ નો પુરાવો વંચાણે લેતાં તેઓએ બનાવની હકીકત જણાવી વિનોદભાઇને ઈજા થતા મરણ ગયેલાની હકીકત જણાવેલ છે પરંતુ તેઓએ આઈસર ગાડીનો નંબર કે તેના ચાલક વિશે કોઇ હકીકત જણાવેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે. જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ બનાવ નજરે જોયેલ નથી તેવુ જણાવતા હોય સદર સાહેદની હાજરી બનાવ સ્થળે પુરવાર થતી ના હોય સદર સાહેદના પુરાવાને માનવાને કોઇ કારણ નથી.

વધુમાં ફરીયાદી તથા સાહેદો પોતાના પુરાવામાં ગાડીના ચાલક કે તેના નંબર વિશેની કોઇ જ હકીકત જણાવતા નથી. આમ, સદર ફરીયાદી તથા સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ થાય તેવો પુરાવો મળી આવેલ નથી. વધુમાં આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા બનાવ બાદની સ્થિતિ દર્શાવતો હોય હોય તે આધારે હાલનાં આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહી.

(૯) વધુમાં સદર કામે મરણ જનાર વિનોદભાઇને બનાવમાં શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન મરણ ગયેલ હોવાની ફરીયાદ હકીકત છે. જે બાબતે ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી અકસ્માતનો બનાવ બનેલ છે અને તેમાં વિનોદભાઇને ઈજા થયેલાની અને મરણ ગયેલાની હકીકત રેકર્ડ પર આવેલ છે પરંતુ હાલના બનાવમાં હાલના આરોપીને કોઇએ જોયેલ હોય તેવુ રેકર્ડ ઉપર આવેલ નથી અને કોઈપણ સાહેદે બનાવ નજરે જોયેલ નથી. જેથી બનાવમાં હાલના જ

આરોપી અને તેમનુ વાહન સંડોવાયેલ હોવાની હકીકત ફરીયાદ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ નથી જેથી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ આક્ષેપીત ગુનાના આવશ્યક તત્વો ફરીયાદપક્ષ પુરવાર કરતા નથી. જેથી હાલનો કહેવાતો બનાવ ફરીયાદપક્ષનાં પુરાવાથી સાબીત થતો નથી તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે. જેથી આરોપી સામેનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર રહીને પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ માનીને મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં.ર ના જવાબમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**૧.** આ કામના આરોપી આફતાફઆલમ સ/ઓ. મીનાજ અકરુદીન સીદીકી, રહે.જરારી બીચગલી, તા.ફતેગંજ, જી.ફરુખાબાદ, થાના–જહાનગંજ, ઉતરપ્રદેશ, હાલ રહે.જી–૬, કર્ણાવતી બીઝનેશ સેન્ટર નજીક, કેનાલની બાજુ, અસલાલી, તા.દસક્રોઇ, જી.અમદાવાદ નાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૭૧ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા મો.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી વિશ્વસનીય પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**ર.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૮૧ વંચાણે લેતાં આરોપીએ રજુ રાખેલ ખત તથા જામીન ખત ઠરાવ જાહેર થયાનાં છ મહીના બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા.૧૬–૦૩–૨૦૨૬**
**માતર**

**(નરેન્દ્રકુમાર)**
**જ્યુડી.મેજી.ફ.ક.માતર**
**જજ કોડ: જીજે.૦૧૪૪૦**